# THE ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES

Phone : (079) 26300360
Telefax : (079) 26304118
E-mail : info@jacpcldce.ac.in
Website : http://www.jacpcldce.ac.in

ACPC

GUJARAT STATE

L. D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad - 380 015.

પ્રતિ,
આચાર્યશ્રી/મેનેજિંગ ટ્રસ્ટીશ્રી,
સ્વનિર્ભર ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી તેમજ ડિગ્રી ઈજનેરી સંસ્થાઓ.

**No.** : ACPC/ADM-11/832
**Date** : 30-8-2011

**વિષય :** સ્વનિર્ભર ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી તેમજ ડિગ્રી ઈજનેરી સંસ્થાઓમાં ખાલી રહેલી બેઠકો ઉપર પ્રવેશ આપવા બાબત.
**સંદર્ભ :** (૧) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનાં જાહેરનામા ક્રમાંક : GH/SH/10/2010/PVS-102008-631-S તા. ૨૦-૪-૨૦૧૦ અને તેનાં વખતોવખતનાં સુધારાઓ
(૨) શિ. વિ., ગુ. સ.નાં જાહેરનામા ક્રમાંક : GH/SH/39/2011/PVS/102011/335/S તા. ૩-૮-૨૦૧૧

મહોદય,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે આપને જણાવવાનું કે, ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગનાં સંદર્ભિત જાહેરનામા અન્વયે રાજ્યમાં આવેલી ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમો તેમજ ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓમાં ખાલી રહેલી જગ્યાઓ ગુજરાત વ્યાવસાયિક ટેકનીકલ કોલેજો અને સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) નિયમ-૨૦૦૮નાં નિયમ-૨૧ મુજબ ભરવાની થાય છે. જેના અનુસંધાને પ્રવેશ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલી નીચે મુજબનાં કાર્યક્રમને અનુસરીને સંસ્થાઓ ખાલી રહેલી જગ્યાઓ સંસ્થાસ્તરે ભરી શકશે :

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧. | આપની સંસ્થાની ખાલી રહેલી બેઠકોની યાદી વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપરથી મેળવવાની રહેશે | ૨૪-૮-૨૦૧૧ |
| ૨. | ખાલી રહેલી જગ્યાઓ અંગે અરજીપત્રકો ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતા કોઈપણ એક વર્તમાનપત્રમાં જાહેરખબર પ્રસિદ્ધ કરી મંગાવવાના રહેશે | ૨૫-૮-૨૦૧૧ થી ૨૯-૮-૨૦૧૧ |
| ૩. | મેરીટ યાદી બનાવી સંસ્થાની વેબસાઈટ, નોટીસ બોર્ડ તથા અત્રેની સમિતિને મોકલવાની રહેશે | ૩૦-૮-૨૦૧૧ સુધીમાં |
| ૪. | કાઉન્સેલીંગ પૂર્ણ કરવાનું રહેશે | ૫-૯-૨૦૧૧ સુધીમાં |
| ૫. | Submission of Files for endorsement | ૬-૯-૨૦૧૧ સુધીમાં |

**ખાલી રહેલી જગ્યાઓ માટે નીચે મુજબનાં અગ્રતાક્રમથી ઉમેદવારોની પસંદગી કરવાની રહેશે :**

(૧) રાઉન્ડ-૧, રાઉન્ડ-૨ અને રાઉન્ડ-૩માં સંસ્થા અથવા હેલ્પ સેન્ટર ખાતે નોન-રિપોર્ટેડ ઉમેદવારો કે જેઓનો પ્રવેશ રદ થયેલ છે, તેવા ઉમેદવારો.
(૨) અત્રેની સમિતિનો મેરીટક્રમાંક ધરાવતા, માર્ચ ૨૦૧૧ અને તે પહેલાં લાયકી પરીક્ષા ઉત્તિર્ણ કરેલ ઉમેદવારો.
(૩) અત્રેની સમિતિ ખાતે રજિસ્ટ્રેશનથી વંચિત, ગુજસેટ-૨૦૧૧ આપેલા અને માર્ચ ૨૦૧૧ અને તે પહેલાં લાયકી પરીક્ષા ગુજરાતમાંથી ઉત્તિર્ણ કરેલ લાયક ઉમેદવારો.
(૪) અત્રેની સમિતિનો મેરીટ ક્રમાંક ધરાવતા પૂરક પરીક્ષા આપેલા ઉમેદવારો.
(૫) પૂરક પરીક્ષા આપેલા અને અત્રેની સમિતિ ખાતે રજિસ્ટ્રેશનથી વંચિત પરંતુ લઘુત્તમ લાયકાત ધરાવતા ગુજસેટ-૨૦૧૧ આપેલા ગુજરાતમાંથી ઉત્તિર્ણ ઉમેદવારો.
(૬) અત્રેની સમિતિનો મેરીટ ક્રમાંક ધરાવતાં અન્ય બોર્ડનાં તમામ ઉમેદવારો.
(૭) ગુજસેટ-૨૦૧૧ આપેલા અને લઘુત્તમ લાયકાત ધરાવતા અન્ય બોર્ડનાં તમામ ઉમેદવારો.
(૮) ઉપરોક્ત મુદ્દા (૭) બાદ પણ બેઠકો ખાલી રહે, તો નિયમ-૨૧(૨)(૩) અન્વયે કાર્યવાહી હાથ ધરી સંસ્થાઓને ગુજરાતમાંથી ડિપ્લોમા ઈજનેરી ઉત્તિર્ણ કરેલ ઉમેદવારો દ્વારા ખાલી રહેલી બેઠકો ભરવાની રહેશે. જેના માટે નીચેની કાર્યરીતિનો અમલ કરવાનો રહેશે :
   (અ) ડિપ્લોમા ઉત્તિર્ણ કરેલ ઉમેદવારોનું સામાન્ય મેરીટ બનાવવાનું રહેશે. (ગુજરાતમાંથી ડિપ્લોમા ઉત્તીર્ણ કરેલ ઉમેદવારોને અગ્રતા આપવાની રહેશે)
   (બ) **શૈક્ષણિક લાયકાત** તથા **મેરીટ** બનાવવા માટે ડિપ્લોમા ઈજનેરી થી ડિગ્રી ઈજનેરીનાં ગુજરાત સરકારનાં જાહેરનામા ક્રમાંક : GH/SH/24/2008/PVS-102008-634-S તા. ૧૯-૭-૨૦૦૮ અને તેનાં વખતોવખતનાં સુધારાઓ અનુસાર સામાન્ય મેરીટ યાદી બનાવી કાર્યવાહી કરવાની રહેશે.
   (ક) STPI ને ટકાવારીમાં રૂપાંતરીત કરવા માટે જરૂરી Excel Sheet ACPCની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

ખાલી રહેલી જગ્યાઓ માટે ઉપરોક્ત કાર્યરીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સદર પ્રક્રિયા પારદર્શક રીતે હાથ ધરવામાં આવે તે બાબતની જવાબદારી જે-તે સંસ્થાના આચાર્યશ્રીની રહેશે.

**(મેમ્બર સેક્રેટરી)**